પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in
તારીખ: 21 ડીસેમ્બર 2016

## 10 નવેમ્બર થી 19 ડીસેમ્બર 2016 દરમ્યાન બેંક નોટો નું વિતરણ

08 નવેમ્બર 2016 ની મધ્ય રાત્રી થી રૂ. 500 અને રૂ. 1000 ની બેંક નોટો ના કાયદેસરના ચલણ તરીકે ના દરજ્જાને પરત ખેંચવાની જાહેરાત ના પરિણામ સ્વરૂપ, ભારતીય રિઝર્વ બેન્કે જાહેર જનતા ને બેંકો મારફતે વિવિધ મૂલ્ય વર્ગો માં બેંક નોટો નો પર્યાપ્ત પુરવઠો પૂરો પડવા માટે ની વ્યવસ્થા ગોઠવી હતી.

10 નવેમ્બર 2016 થી 19ડીસેમ્બર 2016 સુધીના સમય ગાળા માં, બેંકો એ રિપોર્ટ કરેલો છે કે રૂ. 592613 કરોડ ની કિંમત ની બેન્ક નોટો કાઉન્ટરો પર અથવા એટીએમ મારફતે જાહેર જનતા ને ઈસ્યુ કરેલી છે.

આ સમય માં, રિઝર્વ બેન્કે જાહેર જનતા ને વિતરણ માટે બેંકો અને તેમની શાખાઓને વિવિધ મૂલ્ય વર્ગો ની કુલ 22.6 બીલીયન નોટો ઈસ્યુ કરેલી છે કે જેમાં 20.4. બીલીયન નોટો નાના મૂલ્ય વર્ગો રૂ. 10, 20, 50, અને 100 ની હતી અને 2.2 બીલીયન નોટો રૂ. 2000 અને રૂ. 500 ના ઉચ્ચતર મૂલ્ય વર્ગો ની હતી.

અજીત પ્રસાદ

સહાયક સલાહકાર

પ્રેસ પ્રકાશન:2016-2017/1602